# “ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી” વિષય પર ટૂંકા ગાળાનો તાલીમ કાર્યક્રમ

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો એનર્જી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા “ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી” વિષય પર તા.૨૯-૦૮-૨૦૧૮ થી ૩૧-૦૮-૨૦૧૮ સુધી ત્રણ દિવસનો તાલીમ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમા આણંદ જિલ્લાના વિવિધ તાલુકામાંથી ૩૫ ખેડૂત ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમનાં પ્રારંભે ડો.ડી.સી.જોષી, આચાર્ય અને ડીનશ્રીએ તાલીમાર્થીઓને આવકારી તાલીમનુ મહત્વ તેમજ જુદાજુદા કૃષિ પાકોમાં પ્રોસેસીંગ ક્ષેત્રે ટેક્નોલોજીનાં મહત્વ અંગે માર્ગદર્શન આપેલ. ત્યારબાદ નિષ્ણાતોએ જુદા જુદા વિષયો પર પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન જેમ કે ફૂડ પ્રોસેસીંગમાં બીન-પરંપરાગત ઉર્જાનો ઉપયોગ, તૈયાર પીણા અને ફળમાથી વિવિધ બનાવટો,ફૂડ પેકેજીંગનુ મહત્વ, મુલ્યવર્ધનની જરૂરીયાત અને ક્ષમતા, વિવિધ મશીનરીની જાણકારી અને સુર્યકૂકરનો રસોઇ બનાવવામાં ઉપયોગ અને મહત્વ ઉપરાંત ટામેટા કેચઅપ બનાવવાની રીત અને કોલેજ અંતર્ગત આવેલ એક્ષ્પેરિએંશિયલ લર્નીંગ યુનિટ(ELU) માં કાર્યરત પ્લાન્ટનુ નિદર્શન પણ યોજવામા આવેલ.આ ઉપરાંત તાલીમના અંતિમ દિવસે કોલેજના બાયો એનર્જી પાર્ક, બાયોગેસ પ્લાન્ટની મુલાકાત તેમજ તાલીમાર્થીઓને ફૂડ પ્રોસેસીંગ ક્ષેત્રે કાર્યરત યુનિટ/ઇન્ડ્સ્ટ્રીઝની મુલાકાત પણ કરાવવામા આવેલ. આ સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન ડો.એસ.એસ.કાપડી (તાલીમ સંયોજક) અને ઇજ.જે.પી.રાઠોડ દ્વારા આચાર્ય અને ડીનશ્રીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવેલ.










Processing Hall-II

